# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૮/૦૬/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯ લીટર દેશી દારૂ અને ૧૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૭૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૫**

**બોડકદેવઃ** પ્રેમનાથ ઉર્ફે અર્પિત જગન્નાથ સરોજ (ઉ.વ.૧૬)(રહે.જુની રેલવે લાઇનના છાપરા, અખબારનગર) (મુળ વતનઃ– પુર બરજોર કંજાસ મુસાફીર ખાના કનકપુર અમેઠી, ઉત્તરપ્રદેશ) તા.૨૭/૦૬/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઝાઇડસ હોસ્પીટલ પાછળ આવેલ “સરોજ વિષ્ણુધારા એસેન્સ” નામની સાઇટ ખાતે “સી” બ્લોકના બીજા માળે પ્લમ્બીંગનુ કામ કરી રહ્યા હતા ત્યારે કોઇ કારણસર તેમનો પગ લપસી જતા બીજા માળેથી નીચે ભોયતળીયે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૬/૨૦૨૫ બપોરના ૨/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરભદ્રસિંહ વનરાજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
પી.આર.ઓ. યુનિટ<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી